ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૮ ટકા ● સાંજે ૩૯ ટકા

# સે-૨૭ શિવમ સોસાયટીમાં ૪ લાખની ઘરફોડ

## બે લાખ રોકડા અને બે લાખના સોના-ચાંદીના દાગીના લઈ તસ્કરો ભાગી ગયા : ૧૦ દિવસથી મકાન બંધ હતું

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ ખાતે બંધ મકાનમાં તસ્કરોએ હાથ ફેરો કર્યો છે. મકાનના મુખ્ય દરવાજાની જાળી તેમજ લાકડાના દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશી તિજોરીમાંથી રૂ.૨ લાખ રોકડા અને રૂ.૨ લાખના સોના-ચાંદીના દાગીના લઈ તસ્કરો ભાગી ગયા છે. ભરચક વિસ્તારમાં રૂ. ૪ લાખની ઘરફોડ ચોરી થતા વસાહતીઓમાં ભય ફેલાયો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૭ શિવમ સોસાયટી પ્લોટ નં.૧૧૯૧ ખાતે વસવાટ કરતા મોતીભાઈ શાહ અને તેમના પત્ની નિવૃત જીવન ગાળે છે. તેઓની તબિયત સારી ન હોવાથી તેમના સુરત ખાતે રહેતા પુત્ર શાલીનભાઈ શાહ તેઓને તા.૨૪ જાન્યુઆરીના રોજ અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. જયાં તેઓને એડમીટ કરતા તેમની પત્ની અમદાવાદ ખાતે રહેતી દિકરીના ઘરે રોકાયા હતા. જયારે સેકટર-૨૭ ખાતે તેમનુ ઘર ૧૦ દિવસથી બંધ પડ્યું હતું. ત્યારે બુધવારના રોજ સવારે પાડોશીએ શાલીનભાઈને ફોન કરીને ઘરના દરવાજાનો નકુચો તુટેલો હોવાનું જણાવ્યું હતું. જેથી શાલિનભાઈ શાહ તાત્કાલીક સેકટર-૨૭ ઘર ખાતે આવી પહોંચ્યા હતા. શાલિનભાઈએ જોયું તો ઘરની મુખ્ય જાળી તેમજ લાકડા દરવાજાનો નકુચો તુટેલી હાલતમાં હતો. જયારે સ્ટોરરૂમનુ પણ તાળુ તુટેલુ હતુ. ઘરમાં રહેલી બે તિજોરીનો સામાન બહાર વેર-વિખેર હાલતમાં પડયો હતો. ઘરમાં અંદર જઈને તપાસ કરતા ઘરમાંથી રૂ.૨ લાખ રોકડ, બે તોલાનું મંગળસુત્ર કિં.૮૦ હજાર, ત્રણ વીટી કિં.૪૦ હજાર, સોનાની બુટ્ટી કિં.૬૦ હજાર, ચાંદીના પાંચ સિક્કા કિં.૨૦ હજાર, બે ગ્લાસ અને બે લગડી ઘરમાંથી ચોરી થઈ હતી. જે ઘરમાં ચોરી થઈ છે તે ઘરના ઉપરના માળે ભાડુઆત રહે છે. તેમજ ભાડુઆતની દિકરી રાત્રીના ૨ વાગ્યા સુધી વાંચન કરે છે. સવારે ૬ વાગે ઉઠીને જોયુ તો ઘરનો દરવાજો બહારથી બંધ હતો. જેથી પાડોશમાં બુમો પાડીને ઘરનો દરવાજો ખોલાવ્યો હતો. જયારે નીચેના ઘરનું તાળુ તુટેલી હાલતમાં હતું.



વરસાદ બાદ ગાંધીનગરના ઘણા માર્ગોનું રીપેરીંગ કામ થવા લાગ્યું છે પરંતુ સિવિલ હોસ્પિટલના આંતરિક માર્ગોની હાલત ખૂબ ખરાબ છે. અહીં વાહનોની સતત અવરજવર થતી રહે છે ત્યારે માર્ગો ખૂબ જ ખસ્તાહાલ બની ગયા છે. મસમોટા ખાડા પડવા છતાં હજુ સુધી તેનું રીપેરીંગ કામ શરૂ ન કરાતા દર્દીઓ અને તેમના સગાઓને ખૂબ જ તકલીફ પડે છે.

# સિવિલમાં ૬ માળ સુધી નોન કોવીડ દર્દીઓ માટેની સુવિધા શરૂ થશે


ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલમાં હોસ્પિટલમાં હવે કોવીડના દર્દીઓ ગણતરીના જ રહ્યા છે. જેથી સિવિલના સત્તાધિશોએ સોમવારથી તમામ વોર્ડ અને વિભાગ કાર્યરત કરી દેવા માટે તડામાર તૈયારીઓ શરુ કરી છે. સોમવારથી તમામ ઓપીડી અને ૬૦૦ બેડની હોસ્પિટલમાં ૬ માળ સુધી નોન કોવીડ દર્દીઓ માટેની સુવિધા ફરીવાર શરુ થઈ જશે.

રાજયના પાટનગરમાં ગત માર્ચ-૨૦૨૦માં કોરોનાનો પહેલા કેસ નોંધાયો હતો. ત્યારબાદ કોરોનાના કેસ વધતા ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત ૬૦૦ બેડની ઈમારતમાં જિલ્લા કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ હતી. કોરોના દર્દીઓને પગલે તમામ વોર્ડ અને ઓપરેશન થિયેટર બંધ હતા. છેલ્લા ૧૦ માસથી વધુના સમયથી કોરોનાના દર્દીઓ સારવાર લઈ રહ્યા હતા.ત્યારે નોન કોવીડ દર્દીઓ પણ ગણતરીના આવી રહ્યા હતા.જેથી સિવિલમાં કોરોના અને તાત્કાલીક વિભાગમાં આવતા દર્દીઓને સારવાર આપવામાં આવતી હતી. હાલના સમયે ૬૦૦ બેડની ઈમારતમાં ગણતરીના કોરોના દર્દીઓ રહ્યા છે. જેથી તંત્ર હવે આગામી સોમવારથી ૬ માળ સુધીના તમામ વોર્ડ અને ઓપરેશન થિયેટર શરુ કરી દેશે.

જયારે થોડા સમય પહેલા સિવિલ સત્તાધિશો દ્વારા જરુરી વિભાગ અને ઓપરેશન થિયેટર તો શરુ કર્યા હતા. હાલના સમયે સિવિલમાં ઓપીડી બિલ્ડીગમાં દર્દીઓનો ધસારો પહેલા જેવો વધી જવા પામ્યો છે. લેબોરેટરી, એકસ-રે, સોનોગ્રાફીમાં પણ લાંબી લાઈનો જોવા મળે છે. ત્યારે નોન કોવીડ દર્દીઓને સુવિધા મળી રહે તે માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ શરુ કરી દીધી છે. ૬૦૦ બેડની બિલ્ડીંગમાં ૬ માળ સુધી તમામ વિભાગ અને વોર્ડ શરુ કરી દેવાશે. જયારે ૭ મો અને ૮ મો માળ જ કોરોના દર્દીઓ માટે રાખવામાં આવશે. જયારે ૧૦ માસના લાંબા વિરામ બાદ ૬૦૦ બેડની ઈમારતમાં નોન કોવીડ દર્દીઓ સારવાર માટે એડમીટ થશે.

## જન્મદિને વધામણી



કે.બી. વ્યાસ
મો. ૯૮૨૫૦૩૩૦૭૪



ભાનુભાઈ એસ દવે
મો. ૮૧૪૦૭ ૬૨૨૬૮



હરસિદ્ધ અજીતજી ઠાકોર
મો. ૭૦૧૬૬૭૭૮૨૨



તરલિકાબેન રમેશભાઈ વ્યાસ
મો. ૯૭૨૭૧ ૬૫૩૬૦



દિવ્યશ્રી પ્રેમલસિંહ ગોલ



મુકેશ ઠક્કર



સતત રજૂઆત અને પ્રયાસ બાદ જીઈબી કોલોની અવર જવર માટે રાબેતા મુજબ થઈ ગઈ હોવાથી સરપંચ રણજીતસિંહ મો. ઈસ્માઈલ પઠાણ અને અલકેશ પરમાર તથા ગ્રામજનો દ્વારા કલેકટર કુલદીપ આર્ય અને મુખ્ય ઈજનેર હેમંત બથવારનો આભાર વ્યકત કરવામાં આવ્યો છે.

# સ્વજનગૃહ ખાતે મૂર્તિ-પ્રતિષ્ઠા મહોત્સવમાં ભજન સંધ્યા યોજાઈ

ગાંધીનગર, તા.૩

મુકતા ચેરીટેબલ ટ્રસ્ટ સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડ સે-૧૨ ગાંધીનગરના મેનેજિંગ ટ્રસ્ટી વિભાબેન ઠકકર પરિવાર દ્વારા વર્ષો થી વિના મૂલ્યે અવિરત ચાલતા 'અન્નક્ષેત્ર-ભોજનાલય' ની જગ્યા પર નવનિર્મિત 'શ્રી જગ જલીયાણ ધામ'માં સુંદર જલારામ મંદિરમાં શ્રી જલારામ બાપા ની મૂર્તિ સહિત, બાર જ્યોતિર્લિંગ, શેરોવાલી મા, શ્રી રામ દરબાર, શ્રી રાધેક્રિશ્ના, શ્રી હનુમાનજી, શ્રી ગણપતિજીના મૂર્તિ પ્રતિષ્ઠા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત આજરોજ ભજન સંધ્યાનું આયોજન સરસ્વતી કલાવૃંદ, ગાંધીનગર તથા જલારામ સત્સંગ મંડળ દ્વારા



કરવામાં આવ્યું હતું. જેમાં બીપીનભાઈ ઠક્કર, બેન્જો માસ્ટર રજનીભાઈ મિસ્ત્રી, તબલા વાદક કપીલભાઈ તથા આંતરરાષ્ટ્રીય કલાકાર આસુરાજ (કી બોર્ડ માસ્ટર), સદગુરૂ પરિવારના દિનેશભાઈ ઠકકરે ખાસ ઉપસ્થિત રહીને ભજનની રમઝટ બોલાવતાં સૌ ભકતો ભક્તિ ના રંગે રંગાઈ ગયા હતા. આ પ્રસંગે જલારામ બાપાના ગુરૂ પૂજ્ય ભોજલરામ મંદિર, મુ.ફતેહપુર (સૌરાષ્ટ્ર) ખાતેથી મહંત પૂજ્ય ભક્તિરામ બાપુએ ખાસ ઉપસ્થિત રહીને આશીર્વાદ પાઠવ્યા હતા. બાળ જલારામ સેવક ચિ.હર્ષ ઉદેચા તથા જય મિસ્ત્રી એ વ્યવસ્થામાં સુંદર સેવા પુરી પાડી હતી.



શહેર સ્થિત એસ.એસ.વી. શાળાના શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને ઝાડ, છોડ અને વેલના તફાવત સાથે વૃક્ષોના અલગ અલગ ભાગ વિશે સમજણ આપવામાં આવી હતી તથા બાળકો દ્વારા ઝાડ, છોડ અને વેલના ભાગના ચાર્ટ તૈયાર કરવામાં આવ્યા હતા.

# સેકટર-૨૪માં રામજન્મ ભૂમિ નિર્માણ નિધિ માટે રાજસ્થાન સમાજનો સહયોગ

ગાંધીનગર, તા.૩

અયોધ્યામાં ભગવાન શ્રી રામની જન્મભૂમિ પર ભવ્યાતિભવ્ય મંદિર બનવા જઈ રહ્યું છે અને આ મંદિર દેશના નાગરિકોના લોકફાળાથી નિર્માણ પામી રહ્યું છે જે માટે રામજન્મ ભૂમિ નિર્માણ નિધિ અંતગર્ત અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. ગાંધીનગરના સેકટર-૨૪માં શહેરના રાજસ્થાન સમાજ સાર્વજનિક સેવા ટ્રસ્ટના અધ્યક્ષ તુલસીભાઈ માળીની આગેવાનીમાં અંબિકા જવેલર્સ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રૂ. ૫૦ હજાર જેટલી નિધિ એકત્ર કરવામાં આવી હતી જેમાં સૌથી મોટો ફાળો




અસલારામજી સોનીએ રૂ. ૨૧ હજારનો ચેક આપીને નોંધાવ્યો હતો. આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના અગ્રણી જિલ્લા કાર્યવાહ હર્ષદભાઈ પટેલ, નગર કાર્યવાહ દીપકભાઈ પ્રજાપતિ, સર કાર્યવાહ ભાવિકભાઈ પટેલ, પૂર્વપ્રચારક ગીરીશભાઈ શર્મા સહિત રાજસ્થાન સમાજના અગ્રણીઓ મૂપાજી પ્રજાપતિ, સુભાષભાઈ પટેલ, મહિપતભાઈ મિસ્ત્રી, રમેશભાઈ પંચાલ, ધરમવીરભાઈ ચૌધરી, માધુભાઈ પ્રજાપતિ, સુરેશભાઈ જૈન, મેઘાભાઈ પ્રજાપતિ, ભરતભાઈ માજીરાણા, આશિષભાઈ દવે, મુકેશભાઈ પ્રજાપતિ અને ભલાજી માલી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# મનપાના કર્મચારીઓ માટે મેયર દ્વારા આઈ અને ડાયાબિટીશ ચેક-અપ કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર મહાનગર પાલિકામાં ફરજ બજાવતા કર્મચારીઓ અને અધિકારીઓ માટે આંખ અને ડાયાબિટીશની તપાસ માટે મેયરશ્રી રીટાબેન પટેલ દ્વારા નિદાન કેમ્પનું યોજન કરવામાં આવ્યુ હતું. સેક્ટર-૬ સ્થિત તેજ આઈ સેન્ટરના ડૉ. તેજલબેન દલાલ અને તેમની નિષ્ણાત ટીમ દ્વારા કેમ્પ અંતર્ગત નિઃશુલ્ક સેવાઓ આપવામાં આવી હતી. મેયરશ્રી રીટાબેન પટેલે પણ તેમની આંખ અને ડાયાબિટીશની તપાસ કરાવી હતી અને મહાનગર પાલિકાના ૧૩૬થી વધુ કર્મચારીઓએ આઈ અને ડાયાબિટીશ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો.

આ કેમ્પમાં ૧૩૬માંથી ૧૦૩ લોકોએ ડાયાબિટીશ ચેકઅપ કરાવ્યું હતું. તેમાંથી ૨૭ને ૧૨૦થી વધુ સુગર લેવલ જોવા મળ્યું હતું. આ પૈકીના માત્ર ૪ લોકોને જ ખબર હતી કે તેમને ડાયાબિટીશ છે મતલબ કે ૨૩ કેસ નવા ડિટેકટ થયા હતા. તપાસ કરાવનાર પૈકીના ૮ને કોરોના થઈને મટયો હતો તેમાંથી ૨ ડાયાબિટીક હતા અને ૬ નોન ડાયાબટીક હતા. આંખના નંબરની તકલીફ હોય તેવા ૩૦ લોકો મળી આવ્યા હતા અને મોતિયો હોય તેવા ૭ લોકો મળી આવ્યા હતા.

મેયરશ્રી દ્વારા આ સેવા આપવા બદલ ડૉ. તેજલબેન દલાલનો આભાર માનવામાં આવ્યો હતો.

# ફેક વેલેન્ટાઈન ગિફ્ટ ઓફરની છેતરામણી લીંકથી સાવધાન

## સોશિયલ મિડીયામાં હાલ વેલેન્ટાઈન ગિફ્ટ લીંક જનરેટ કરી વ્યકિતનો પર્સનલ ડેટા, બેંક એકાઉન્ટ, ડીટેઈલ માંગી થતો ઓનલાઈન સાયબર ક્રાઈમ

ગાંધીનગર, તા.૩

ઈન્ટરનેટની ફલેકસીબલીટી વધી ગયા બાદ શહેરના નાના મોટા તમામ મોબાઈલ ફોન સાથે અનેક એપ્લીકેશનનો ઉપયોગ કરતા થયા છે. એમાંય ખાસ વોટસએપનો ઉપયોગ બાળકોથી લઈ વૃધ્ધો તમામ કરે છે. ફેબ્રુઆરી મહિનો એટલે વેલેન્ટાઈન ડે આવતો હોય તે મહિનો. ૧૪મી ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે પશ્ચિમી સંસ્કૃતિની જેમ અહીં પણ ઉજવાય છે. એકબીજાને ગિફ્ટ આપવાથી લઈ ફલાવર બુકે અને ચોકલેટ આપીને શહેરના યુવાઓ એકબીજા પ્રત્યે પોતાનો પ્રેમ વ્યકત કરતા હોય છે. હવે ફેબ્રુઆરી મહિનાની શરૂઆત થઈ ગઈ છે ત્યારે સોશિયલ મિડીયામાં એક મેસેજનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે કે પ્રશ્નોના જવાબ આપો અને વેલેન્ટાઈન ડેની ગિફ્ટ મેળવો. જેમાં મોબાઈલ ફોન પણ જીતી શકાય છે. એવું બહાનું બતાવી છેતરપીંડી સાથેની ટાઈમ વેસ્ટીંગ એકિટવીટી ચાલી રહી છે. આ સ્કીમ હેઠળ કોઈ પણ યુઝર જેવા લીંક પર કલિક કરે તેમની નોટીફિકેશન માટે પરમીશન માંગવામા આવે છે અને વ્હીલ સ્પિન કરવાનું જણાવાશે. જેમાં ૨ વાર સ્પિન કર્યા પછી બીજું પેજ ઓપન થાય છે અને એવું બતાવાય છે કે તમે ગિફ્ટ જીતી ગયા છો તો તમે કલેમ કરી શકશો. એપ્લીકેશન યુઝર કિલક કરશે એવું જ નવું પેજ ખુલશે જેમાં આઈફોન સિલેકટ કરવાનું જણાવાશે અને સર્વે કરાશે અને યુઝરનો સર્વે કરાવાશે જેમાં યુઝરની પર્સનલ ઈન્ફર્મેશન કલેકટ કરીને આઈપી ચેક કરી રહ્યા છીએ તેવો મેસેજ મોકલાશે અને સ્ક્રીન પર બોકસ આવશે જેમાં લખ્યું હોય છે કે તમે આઈફોન જીતી ગયા છો અને જો તમારે ગિફ્ટ જોઈએ તો અમારા દ્વારા જનરેટ કરેલી લિંકને તમારા સંપર્ક લિસ્ટના નંબર પર ફોરવર્ડ કરો અથવા તો મિનીમમ ૧૦ ગ્રુપને ફોરવર્ડ કરો. આ ઉપરાંત બીજો કોઈ કોન્ટેકટ નંબર અપાશે જેના પર કલિક કરતા ડાયલ કોડ પર નંબર જોડવાનું કહેવામાં આવશે જે જોડવાથી નંબર સ્પેન હોવાથી વધારે ચાર્જ લાગી શકે છે. આ રીતે પ્રોસેસ કરી સાઈબર ક્રાઈમ ચાલી રહ્યો છે. માટે શહેરીજનોએ પણ આ વિષયથી ચેતી જવાની જરૂર છે.

આ બાબતે ટેકનિકલ એકસપર્ટ સાથે વાત કરતા તેઓ જણાવે છે કે લાલચવાળા મેસેજ ક્રીએટ કરી પર્સનલ ડેટા કઢાવવો કે પૈસા ઉપાડી લેવા એ સૌથી સામાન્ય છેતરપિંડી કરવાની રીત છે જેને ફિશિંગ કહેવાય છે. જે સાયબર ગુનેગારોને નોકરી આપે છે. જેમાં નકલી ઈમેઈલ્સ અથવા વેબસાઈટનો ઉપયોગ કરીને શહેરીજનોને ફસાવવામાં આવી રહ્યા છે. એપ્લીકેશન વપરાશકર્તાને બનાવટી વેબસાઈટ તરફ દોરી જાય છે. જયારે તે ઈમેઈલ અથવા વેબલિંક પર કિલક કરે છે. જે અસલી લાગે છે પરંતુ તે નથી ત્યારબાદ વપરાશકર્તાઓને સંવેદનશીલ વિગતો દાખલ કરવા માટે વિવિધ લાલચ આપી ઉકસાવવામાં આવે છે. જેમ કે લોગ-ઈન આઈડી, સરનામું, સંપર્ક નબર, જન્મતારીખ જેનો ઉપયોગ તેઓની પ્રોફાઈલમાં કરી શકાય છે તેનાથી ઓળખ ચોરી થઈ શકે છે અને મારા મતે મોટે ભાગે ઓળખ ચોરી એ તમારા (યુઝર)ના બેંક ખાતામાંથી જટીલ માહિતી કે પૈસા ચોરી કરવા જેવા મોટા નુકશાન માટેનું પ્રથમ પગલું છે.

# સરકારી વિજ્ઞાન કોલેજમાં ઓનલાઈન પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૩

ગાંધીનગરની સરકારી વિજ્ઞાન કોલેજ દ્વારા રંગકલા કૌશલ્ય ધારા હેઠળ 'પર્યાવરણ બચાવો' વિષયે એનલાઈન પોસ્ટર મેકિંગ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં બીએસી સેમેસ્ટર-૧ થી બીએસસી સેમેસ્ટર-૫ના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંકે જાનવી પરમાર, દ્વિતિય ક્રમાંકે નિધિ પરમાર, જીલ દેસાઈ અને બુશરા કુરેશી તેમજ તૃતીય ક્રમાંકે અનુશા મૈત્રેય, ઉર્મિલા વાઘેલા અને દિક્ષા ડોકેનીયા વિજેતા જાહેર કરાયા હતા. સ્પર્ધામાં ડૉ. જીજ્ઞાસા ઠૂમર અને ડૉ. રીટા ચુડાસમાએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી જયારે સ્પર્ધાનું સંચાલન રંગકલા કૌશલ્ય ધારાના અધ્યક્ષ ડૉ. પ્રજ્ઞાબેન પ્રજપતિ અને ડૉ. બિન્ની કરલીકરે સંભાળ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. માલદિયા પ્રકાશભાઈ સુજારામ
  ઉ.વ. ૩૪, પેથાપુર
- સ્વ. ઠાકોર શકરાજી ભગાજી
  ઉ.વ. ૫૪, બોરીજ, નવાપરા
- સ્વ. વાઘરી પથુભાઈ ભયજીભાઈ
  ઉ.વ. ૯૫, સે-૧૩, છાપરાં
- સ્વ. પ્રજાપતિ બળદેવભાઈ છગનભાઈ
  ઉ.વ. ૭૯, સેકટર-૨૬
- સ્વ. મકવાણા રમાબેન હીરજીભાઈ
  ઉ.વ. ૮૪, સેકટર-૮
- સ્વ. દંતાણી ભાવનાબેન કંચનભાઈ
  ઉ.વ. ૪૫, આદિવાડા, સે-૨૮
- સ્વ. પરમાર નરેશ શંકરભાઈ
  ઉ.વ. ૩૮, પેથાપુર
- સ્વ. પટેલ કમળાબેન ભીખાભાઈ
  ઉ.વ. ૮૦, સેકટર-૨૨

● રુદ્રભૂમિ અંતિમધામ ●

- સ્વ. અમીન જગદીશચંદ્ર રામભાઈ
  ઉ.વ. ૮૭, મુ. કોબા